બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ-૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮)

## (વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, દસમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૬)

**પ્રશ્ન.૧ નીચેનામાંથી કોઈપણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

> ☞ **નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ, ૩ થી વધુ ગુણ ન આપવા.**
> **પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંત્તર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.**

**૧. ઉપાસનાનું મહત્વ :- (૧/૧)**

**પ્રમાણ-૧** : કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે ઇત્યાદિક અનંત પ્રકારની મોટપ પામે છે તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું. **(વચ. ગ. પ્ર. ૫૬)**

**પ્રમાણ-૨** : ઉપાસના વિના આત્મા બ્રહ્મને દેખવાને ઇચ્છવું તે કેમ છે તો, જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તો પણ ક્યારેય ખાટો, ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય જ નહિ. તે ગમે તેટલું જતન કરે તો પણ ન દેખાય અને નિર્બીજ એવા જે સાંખ્ય અને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે, તે ભલે કહ્યું છે, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી; માટે એ વાર્તા ખોટી છે. **(વચ. ગ. અં. ૩૬)**

**પ્રમાણ-૩** : મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે; માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે. માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે, પણ અંતમયે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી. **(વચ. ગ. પ્ર. ૬૧)**

**પ્રમાણ-૪** : ઉપાસનાથી મોક્ષ છે; ધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા કાંઈ મોક્ષ કરે તેમ નથી. **(સ્વા. વા. ૫/૧૩૬)**

**પ્રમાણ-૫** : આપણી ઉપાસનાથી મોટાઈ છે ને ધર્મમાંથી લડથડે કે બીજાં સાધનમાંથી લડથડે પણ ઉપાસના દૃઢ હોય તો જીવ લડથડે નહિ. **(સ્વા. વા. ૫/૭૦)**

**પ્રમાણ-૬** : ભગવાનની ઉપાસનાનું બળ હોય તેને મહાપ્રલય જેવું દુ:ખ આવી પડે તો પણ એમ સમજે જે દેહ પડી જાશે ને આપણે ભગવાનના ધામમાં જાશું એમ સમજીને સુખિયો રહે. **(સ્વા. વા. ૧/૫૬)**

**૨. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત (૫/૭૧)**

**પ્રમાણ-૧** : જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહિ. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો. આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે. એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહિ. માટે સર્વે શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે. **(વચ. ગ. મ. ૨૧)**

**પ્રમાણ-૨** : જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે અને જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ મોક્ષ કહીએ, તેને છતે દેહ જ પામ્યો છે. **(વચ. ગ. અં. ૨)**

**પ્રમાણ - ૩** : જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે. ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે. અને અતિ મોટાઈને પામે છે. ને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે. **(ગ. મ. ૩૨)**

**પ્રમાણ-૪** : માટે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો. તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. **(વચ. વર. ૧૦)**

**પ્રમાણ-૫** : માયા તરવાનો ઉપાય એ છે જે જ્યારે સર્વ કર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રીપુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે. **(વચ. જેતલપુર -૧)**

**પ્રમાણ-૬** : ચાર વેદ, પુરાણ, ઇતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે ભગવાન ને ભગવાનના સંત જ કલ્યાણકારી છે.... તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી. એ જ પરમ કલ્યાણ છે. **(વચ. ગ. મ. ૫૯)**

**પ્રમાણ-૭** : મોક્ષનાં દાતા તો ભગવાનને સાધુ એ બે જ છે. **(સ્વા. વા. ૧/૨૦)**

**પ્રમાણ-૮ :** પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય અને પ્રગટ ભગવાન ને આ પ્રગટ સાધુની આજ્ઞાથી એક નિયમ રાખે તો કલ્યાણ થાય **(સ્વા. વા. ૪/૩૭)**

**પ્રમાણ-૯ :** આત્યાંતિક કલ્યાણ થાય તે જ મોક્ષ કહેવાય ...... ને એવો મોક્ષ તો પ્રગટ ભગવાનને પ્રગટ ભગવાનના એકાંતિકનો આશરો કર્યાથી થાય. બીજાથી થાય નહિ. **(સ્વા. વા. ૫/૫)**

**પ્રમાણ -૧૦ :**
બીજા કહે મુવા પછી મોક્ષ રે, વળી પ્રભુ બતાવે છે પ્રોક્ષ રે;
જ્યારે એમ જ અર્થ જો સરે રે, ત્યારે હરિ તન શિદ ધરે રે.
જ્ઞાન વિના તો મોક્ષ ન થાય રે, એમ શ્રુતિ સ્મૃતિ સહુ ગાય રે;
માટે પ્રગટ જોઈએ ભગવંત રે, એવું સર્વ ગ્રંથનું સિદ્ધાંત રે.
જેમ પ્રગટ રવિ હોય જ્યારે રે, જાય તમ બ્રહ્માંડનું ત્યારે રે;
જેમ પ્રગટ જળને પામી રે, જાય પ્યાસીની પ્યાસ તે વામી રે.
જેમ પ્રગટ અન્નને જમે રે, અંતર જઠરાઝાળ વિરમે રે;
તેમ પ્રગટ મળે ભગવાન રે, ત્યારે જનનું કલ્યાણ નિદાન રે.
માટે પ્રગટ ચરિત્ર સાંભળવું રે, હોય પ્રગટ ત્યાં આવી મળવું રે;
માટે પ્રગટ પ્રભુ જો ન હોય રે, ન થાય એ નિષ્પાપ કોય રે.
જાણો પ્રગટ મૂર્તિ ભવપાજ રે, સહેજ ઉતારવાનો સમાજ રે. **(ભક્તચિંતામણી ૧૬૪)**

**પ્રમાણ - ૧૧ :** પ્રગટ પ્રભુ કે પ્રભુના સંત રે, તેહ વિના ન ઉદ્ધરે જંત રે. **(નિ. કા. કલ્યાણનિર્ણય ૧૩-૨૮)**

**પ્રમાણ - ૧૨ :** આત્યાંતિક કલ્યાણ કારણે જાવું પ્રગટ પ્રભુને પાસ;
મોક્ષદાયક એહ મૂર્તિ કે મોક્ષદાતા એના દાસ. **(નિ. કા. કલ્યાણનિર્ણય ૧૬-૪)**

**પ્રમાણ - ૧૩ :** માટે કલ્યાણકારી સાંભળ્યા રે, એક હરિ કે હરિના મળ્યા રે;
સાચી વાત તું માનજે સહિરે, એહ બેઉ વિના મોક્ષ નહિ રે. **(નિ.કા. કલ્યાણનિર્ણય ૧૬-૧૦)**

**પ્રમાણ-૧૪ :** મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના તો કોટિ ઉપાય રે, આત્યંતિક કલ્યાણ ન થાય રે. **(નિ. કા. કલ્યાણનિર્ણય ૨-૧૮)**

**પ્રમાણ-૧૫ :** આ ભવસાગર પાર ઉતાર, હરિ કે હરિ કો દાસ. **(સદ્. બ્રહ્માનંદ સ્વામી)**

**પ્રમાણ-૧૬ :** સાક્ષાત્ ભગવાનના સંબંધથી અથવા પૂર્ણશ્લોકમાં કહેલા લક્ષણોએ યુક્ત એવા એકાંતિક ભક્તના સંબંધી જ મનુષ્યોને એકાંતિક ધર્મની પ્રાપ્તિ થાય છે. આ સિવાય બીજા કોઈ પણ ઉપાયથી ક્યારેય પણ તેની પ્રાપ્તિ થતી નથી. **(વાસુદેવમાહાત્મ્યઃ૨૫-૨૬)**

**પ્રમાણ-૧૭ :** એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતા પણ આવડે નહિ. માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે. **(વચ. ગ. પ્ર. ૬૦)**

૩. **દિવ્યભાવ (૩/૧૯)**

**પ્રમાણ-૧ :** પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વી વિષે પ્રકટ થાય છે ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે. કાં જે, રામકૃષ્ણાદિક અવતારને વિશે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે તથા ઈન્દ્રિયો, પંચપ્રાણ, ઈત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે, પણ એ સર્વે બ્રહ્મ છે, પણ માયિક નથી. **(વચ. ગ.પ્ર. ૭૧)**

**પ્રમાણ-૨ :** ભગવાનનું સ્વરૂપ જ એવું છે જે માયામાં અન્વય થયા થકા પણ વ્યતિરેક જ છે. પણ ભગવાનને એમ બીક નથી જે, 'રખે હું માયામાં જાઉં ને અશુદ્ધ થઈ જાઉં.' ભગવાન તો માયાને વિષે આવે ત્યારે માયા પણ અક્ષરધામરૂપ થઈ જાય છે અને ચોવીશ તત્ત્વને વિષે આવે તો ચોવીશ તત્ત્વ બ્રહ્મરૂપ થઈ જાય છે. **(વચ. વર. ૭)**

**પ્રમાણ-૩ :** ભગવાનને વિષે જે બાળ-યુવાન-વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે, તે તો એની યોગમાયાએ કરીને દેખાય છે પણ વસ્તુગત્યે તો ભગવાન જેવા છે તેવા ને તેવા જ છે. (એટલે કે સદા દિવ્ય જ છે) એવી રીતે સર્વના કારણ ને સદા દિવ્ય સાકાર એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ તેની મૂર્તિને વિષે સાકરના રસની મૂર્તિની પેઠે ત્યાગભાવ સમજવો નહિ ....... અને તે ભગવાનમાં જે દેહભાવ જણાય છે તે તો નટની માયાની પેઠે સમજવો. **(વચ. પં. ૭)**

**પ્રમાણ-૪ :** ભગવાનમાં તો મનુષ્યભાવ કહેવાય જ નહિ ને આપણે જેમ દેહ ને જીવ જુદા છે તેમ ભગવાનમાં કહેવાય નહિ. **(સ્વા.વા. ૪/૪૧)**

**પ્રમાણ-૫ :** કારણ કે ભગવાનમાં મનુષ્યભાવ દેખાય છે તે નટની માયાની પેઠે છે. **(સ્વા.વા. ૫/૬૬)**

**પ્રમાણ-૬ :** ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે સહિત સમજે છે તે પણ પાપી છે અને જે તત્ત્વે રહિત ભગવાનના સ્વરૂપને સમજે છે તે પણ પાપી છે. ભગવાનના સ્વરૂપમાં તો ભગવાનના ભક્ત હોય તેને તત્ત્વ છે કે નથી એવું ચૂંથણું કરવું ગમે જ નહિ. ભક્ત હોય તે તો એમ જાણે જે, 'ભગવાન તે ભગવાન, એને વિષે ભાગત્યાગ કર્યાનો માગ નથી.' **(વચ. ગ.મ. ૧૭)**

**પ્રમાણ-૭ :** તેજને વિષે (અક્ષરધામને વિષે) દિવ્યમૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન વાસુદેવ તે અખંડ વિરાજમાન રહે છે. અને

તે જ પોતે દિવ્યમૂર્તિ થકા જીવના કલ્યાણને અર્થે મનુષ્યાકૃતિએ કરીને પૃથ્વીને વિષે સર્વ જનને નયનગોચર થકા વિચરે છે. ત્યારે જે જગતમાં અણસમજુ મૂર્ખ જીવ છે તે તે ભગવાનને માયિક ગુણે યુક્ત કહે છે પણ એ માયિક ગુણે યુક્ત નથી; એ તો સદા ગુણાતીત દિવ્યમૂર્તિ જ છે. અને તેનું તે જે ભગવાનનું સાકાર દિવ્ય સ્વરૂપ તેને જે વેદાંતશાસ્ત્ર છે તે નિર્ગુણ, અછેદ્ય, અભેદ્ય, સર્વત્ર વ્યાપક એવી રીતે કરીને પ્રતિપાદન કરે છે, તે જીવની બુદ્ધિમાંથી માયિક ભાવ ટાળવાને અર્થે નિર્ગુણપણે કરીને પ્રતિપાદન કરે છે. અને એ ભગવાન તો ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય એ સર્વે કાળને વિષે એકરૂપ કરીને જ વિરાજમાન છે; પણ માયિક પદાર્થની પેઠે વિકારને પામતા નથી; સદા દિવ્ય રૂપે કરીને વિરાજમાન રહે છે. **(વચ. કા. ૭)**

**પ્રમાણ-૮ :** ભગવાન તો પરમ દિવ્યમૂર્તિ છે ને ભગવાનને વિષે તો એ મનુષ્યભાવનો લેશ નથી. માટે એ ભગવાનમાંથી મનુષ્યભાવને ટાળીને દેવભાવ લાવવો, પછી બ્રહ્માદિકનો ભાવ લાવવો, પછી પ્રધાનપુરુષનો ભાવ આવે, પછી પ્રકૃતિપુરુષનો ભાવ આવે, પછી અક્ષરનો ભાવ આવે, પછી અક્ષરાતીત એવા પુરુષોત્તમ તેનો ભાવ આવે છે. **(વચ. લો.૧૮)**

**પ્રમાણ-૯ :** ધામમાં રહી મૂર્તિ ને આ પ્રકટ શ્રીકૃષ્ણની મૂર્તિ (સહજાનંદ સ્વામી) તેમાં અધિકપણે સાદશ્યપણું છે..... માટે ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિષે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે. એ બેમાં ફેર નથી. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમજ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે. **(વચ. ગ.અં. ૩૧)**

૪. **કર્તાપણું કેવી રીતે (૨/૫)**

**પ્રમાણ- ૧:** अन्तः प्रविष्ट शास्ता जनानां सर्वात्मा । અથાર્ત સર્વજનોના આત્માપણે સર્વમાં અન્ત:પ્રવેશ કરીને સર્વનું શાસન કરનારા - નિયમન કરનારા ભગવાન છે. **(તૈત્તિરીયારણ્યકમ્ : ૩ /૧૧/૧-૧૨)**

**પ્રમાણ- ૨:** અને સર્વના કારણરૂપ એવા ભગવાન તે મનુષ્ય જેવા છે તો પણ પોતાના અંગમાંથી યોગકળાએ કરીને અનંત કોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરવા સમર્થ છે ને પાછાં પોતાના વિષે લય કરવાને સમર્થ છે.... તેને સમજુ હોય તે જાણે જે, ભગવાન મનુષ્ય જેવા જણાય છે તો પણ એ ભગવાન સર્વના કારણ છે અને સર્વના કર્તા છે ને સમર્થ છે. **(વચ. લોયા . ૨)**

**પ્રમાણ-૩ :** તેમ દેશ, કાળ, કર્મ,માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે, પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર પણ ન ચાલે, માટે સર્વકર્તા તે પરમેશ્વર જ છે **(ગ.મ. ૨૧)**

**પ્રશ્ન.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. जन्म कर्म च मे दिव्यमेवं यो वेज़ि तज़्वत: ।
त्यज़्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ।।

**જ. દિવ્યભાવ સમજવાની આવશ્યકતા (૩/૨૨)**

૨. 'તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે'

**જ. પ્રગટ ભક્તિનો મહિમા (૫/૬૯)**

૩. 'માટે ભગવાનના ભક્ત ને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી વાર્તા કરવી.

**જ. અક્ષરબ્રહ્મ - મનુષ્ય દેહધારી (૬/૧૦૭)**

૪. 'બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે, ને આધાર છે ને પ્રેરક છે.

**જ. ગુણાતીત સંત એ ભગવાનનું પ્રગટ સ્વરૂપ છતાં ભગવાનના દાસ (૫/૯૪)**

૫. द्वे वाव ब्रह्मणो रुपे मूर्तं चैवामूर्तं च । (૬/૧૦૪) **જ. અક્ષરનાં બે સ્વરૂપો.**

**પ્રશ્ન.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ: એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. <u>૧</u> , <u>૨</u> (૬/૧૧૫, ૧૧૭) ૨. <u>૧</u>, <u>૨</u>, <u>૪</u> (૩/૨૫)

**પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ : પ્રસંગના ૩ ગુણ અને સિદ્ધાંતનો ૧ ગુણ આપવો.**

૧. **છોકરા, ભગવાન તોળ મા ! (૪/૫૪)**

**જ.** સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જ્યારે અવતાર અવતારીના ભેદની વાતો કરતા ત્યારે મોટા આત્માનંદ સ્વામી જે તેમના કરતાં ઉંમરમાં મોટા હતા તે કહે, 'છોકરા ભગવાનને તોળ મા.' (ભગવાનની તુલના ન કર.) ત્યારે ગોપાળાનંદ સ્વામી તેમને હસીને કહેતા, 'સ્વામી, આ વાત તમને આજે નહીં સમજાય પણ ભવિષ્યમાં કોઈ સાધુ મળશે તે સમજાવશે.' પરંતુ જ્યારે આત્માનંદ સ્વામીને એકસો ને સોળ વરસ થયા છતાં આયુષ્યનો અંત ન આવ્યો ત્યારે તેમને વિચાર થયો કે 'મને કોઈ વાસના નથી, છતાં મહારાજ કેમ તેડવા આવતા નથી ?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ સર્વોપરી ઉપાસનાની વાત તેમને સમજાવતાં મહારાજે સ્વમુખે જ તેમને પોતાના સર્વોપરીપણાના પ્રસંગો કહેલાં તે યાદ કરાવીને કહી. ત્યાર પછી સ્વામીને સમજણની એ કસર ટળી ત્યાર બાદ મહારાજ તેમને ધામમાં લઈ ગયા.

**સિદ્ધાંત :-** (૧) શ્રીજીમહારાજનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના ગમે તેટલા મોટા પરમહંસ હોય કે સદ્‌ગુરુ હોય પણ મોક્ષ માર્ગે જવામાં કસર રહી જાય છે. (૨) ગોપાળાનંદ સ્વામી જેવા મોટેરા સંત હોવા છતાં સર્વોપરી નિષ્ઠા કરાવી શકતા નથી અને મોટા સદ્‌ગુરુની વાત કરે છે. આમ ભગવાનનો સર્વોપરી નિશ્ચય અક્ષર બ્રહ્મ કે ભગવાનને ધારક એવા જે સંત જ કરાવી શકે.

૨. **ગોપાળજીદાદાએ ગુણાતીતાનંદ સ્વામીને ઠપકો આપ્યો. (૬/૧૨૩)**

જ. સંવત ૧૯૨૩ ચૈત્રી પૂનમના સમૈયામાં ગુણાતીતાનંદ સ્વામી વડતાલ સમૈયે આવવાના હતા. ત્યારે પવિત્રાનંદ સ્વામીએ પ્રબંધ કર્યો હતો કે કોઈએ સ્વામીનું સ્વાગત કરવા ન જવું. પણ સ્વામી આવ્યાના સમાચાર મળતાં સભા ઊઠીને સામે ગઈ. વળી સભામાં પણ સ્વામીને પગે લાગવા આવવા લાગ્યા. તેથી ધક્કામુક્કી થઈ. ને આગળથી જ સ્વામીને ઠપકો આપવાનું ગોપાળ દાદાએ માથે રાખેલું. તેથી આ પ્રસંગે ગોપાળજીદાદા સ્વામીને ઠપકો આપતાં બોલ્યા, 'પ્રેમલા થઈને ધક્કામુક્કી કરો છો. વળી સ્વામીને પણ ભગવાન થવું છે માટે કોઈને કાંઈ કહેતા નથી.' આથી સ્વામી ઊંચા સાદે સભામાં બોલ્યા, 'કોઈ અમને ભગવાન કહેશો નહીં. ભગવાન તો એક સર્વોપરી અને સર્વાવતારના કારણ એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે અને શાસ્ત્રમાં જેને મૂળ અક્ષર કહ્યા છે તે આજે આ સભામાં તમારી સામે વાતો કરે છે. માટે ઓળખી રાખજો.'

**સિધ્ધાંતઃ-** પોતે મૂળ અક્ષર હતા તો વિરોધના વંટોળમાં પણ ડર્યા વગર નિધડકપણે પોતાના અક્ષર-સ્વરૂપની સ્પષ્ટતા કરી.

૩. **સત્સંગિજીવનમાં શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ જેવા નિરૂપ્યા. (૪/૪૯)**

**જ.** ગઢડામાં 'સત્સંગિજીવન' ગ્રંથ લખાતો હતો, ત્યારે મહારાજના સ્વરૂપ વિષે ચર્ચા નીકળી. ઘણા મોટેરા સંતો પરમહંસોએ મહારાજને રામ, કૃષ્ણ વગેરે અવતારો જેવા જ કલ્પ્યા, તેથી તે રીતે લખવાની વાત કરી પરંતુ નિત્યાનંદ સ્વામીને તો શ્રીજીમહારાજના સ્વરૂપ વિષે સર્વોપરી ભાવની દૃઢ નિષ્ઠા હતી તેથી તેમણે કહ્યું, 'શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પરાત્પર સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. તેમને બીજા અવતાર જેવા કેમ કહેવાય?' આમ સંતમાં આ બાબતે મોટો મતભેદ ઊભો થયો. સ્વયં શ્રીજીમહારાજ પણ નિત્યાનંદ સ્વામીની વિરુદ્ધ પડ્યા. મહારાજે તેમને ઘણું સમજાવ્યા પણ સ્વામી તો તેમના નિશ્ચયમાં પર્વતપ્રાય હતા. તેથી જરા પણ ડગ્યા નહિ. મહારાજે પણ તેમની કસોટી કરવા છેવટે તેમને દુરાગ્રહી કહીને આ કારણથી વિમુખ કર્યા. - સાત દિવસ અખંડ ધ્યાનમાં મસ્ત - આઠમા દિવસે શ્રીજી મહારાજે નિત્યાનંદ સ્વામીને સભામાં બોલાવ્યા. તેમની પૂજા કરી પ્રસાદીનો હાર આપ્યો. ને કહ્યું: 'ઉપાસક તો આવા જ હોય, કારણ કે અમે સર્વ ભેગા ભળી ગયા. ને તિરસ્કાર કર્યો છતાં તેમણે સાચી વાત મૂકી નહીં. અને મહારાજે સૌ પરમહંસોને નિત્યાનંદ સ્વામી જેવી સમજણ કરવા કહ્યું. આમ છતાં મોટા મોટા પરમહંસોના આગ્રહથી મનુષ્યરૂપમાં ભગવાનપણું અને સર્વોપરીપણાનું આરોપણ કરવાથી લોકમાં ખોટું દેખાશે એ ભયથી અથવા શાસ્ત્રમાં આ વાત મળતી નહિ આવે એવી બીકથી શાસ્ત્રની તંતીથી 'સત્સંગિજીવન'માં શ્રીજીમહારાજને આગ્રહપૂર્વક શ્રીકૃષ્ણ જેવા ગ્રંથકારે નિરૂપ્યા છે. **સિધ્ધાંત :-** (૧) જન્મ પહેલાં શાદી ન હોય. એમ શ્રીજીમહારાજની વાત શાસ્ત્રમાં શોધવાથી ન મળે પણ જે તે સમયે જે હાજર હોય તેણે જેવા દર્શન કર્યા હોય, જેવા ચરિત્રો જોયા હોય. તેવા શાસ્ત્રનો આધાર શોધ્યા વગર લખ્યા હોત તો ભવિષ્યની પ્રજાને મહારાજનું સર્વોપરીપણું સમજવાનું કઠણ ન પડે. (૨) જેને શુદ્ધ ઉપાસનાની દૃઢતા થઈ હોય અને દૃઢ નિષ્ઠા હોય. તેને ખુદ ભગવાન ચલાયમાન કરે તો પણ ન થાય.

**પ્રશ્ન.૫ નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જરૂરી નથી.**

૧. **પ્રગટને ઓળખ્યા વગર કસર (૫/૭૫)**

જીવને અનાદિ કાળથી અનંત પ્રકારની કસર રહેલી છે. તે સર્વે ભગવાનના પ્રગટ સ્વરૂપને યથાર્થ ઓળખીને તેમને આશરે જવાથી ટળી જાય છે. શ્રીજીમહારાજ કહે છે, 'ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ. (વચ.ગ.મ. ૧૩)

'બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થતી નથી. (વચ.ગ.અં. ૨)

જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય પણ પરિપૂર્ણ હોય ને કામ, ક્રોધ, લોભાદિકે કરીને વિક્ષેપને ન પામતો હોય ને અતિશય ત્યાગી ને અતિ વૈરાગ્યવાન ને અતિ આત્મનિષ્ઠાવાળો હોય અને જો તે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ વિના કાંઈક બીજુ ઇચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. (વચ.ગ.અં. ૫)

ગુણાતીતાનંદ સ્વામી કહે છે. 'જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે નિરંતર અભાગિયા છે. કેમ જે છોતેરાનો મેઘ વરસ્યો ને વુઠે મેહે કાળ પડ્યો ને ગંગામાં નહાયો ને માથું કોરું રાખ્યું ! અને એમ જાણ્યા વિના આ સત્સંગમાં રહ્યા છે, તે તો જેમ છોકરા, વાછરડા રહ્યા છે એમ રહ્યા છે. (સ્વા.વા. ૩/૩૫)

ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ આ પ્રત્યક્ષ ભગવાનને આ પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવો છે. તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહિ. (સ્વા.વા. ૩/૬૮)

આજ તો પ્રગટ ભગવાન છે. પ્રગટ સાધુ છે, પ્રગટ ધર્મ છે. તે આ સમામાં જેને નહિ ઓળખાય તેને પછવાડેથી માથું કૂટવું પડશે. (સ્વા.વા. ૪/૫૦)

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે : પરોક્ષથી ભવતણો પાર આવે નહિ, વેદ વેદાંત કહે સત્ય વાણી
મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે,
તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે.

પ્રગટ ભગવાનના સ્વરૂપને મૂકીને પરોક્ષ ભક્તિ તથા વ્રત, તપ, તીર્થ, દેવદર્શન કરવા છતાં મન અમન થતું નથી.

કોઈ કહે હરિ હો ગયે, કોઈ કહે હરિ હોવન હાર;
મુક્ત પ્રગટ કી પ્રીછ બિન, ભટકત સબ સંસાર.

શાસ્ત્રમાં ભગવાનની વાતો લખી હોય તે વાંચે કે તેનું વર્ણન સાંભળે પણ તેથી નથી કોઈ સુખ આવતું કે નથી કોઈ ખોટ ટળતી તે માટે પ્રભુ પ્રગટ જ જોઈએ.

નિષ્કુળાનંદ સ્વામી લખે છે : વાંચી કાગળ કોઈ કંથનો જેમ નાર અપાર રાજી થઈ,
પણ પ્રગટ સુખ પિયુતણું, અણુ જેટલું આવ્યું નઈ. (નિ.કા. ભક્તિ નિધિ -૧૪)
જેમ કોઈ ફૂલવાડીનાં ફૂલ મેલી, આકાશ ફૂલની આશા કરે,
પાર વિના પરિશ્રમ પડે, સાર થોડું જ મળે સરે
તેમ પ્રગટ પ્રભુને પરહરી, પરોક્ષમાં કરે પ્રતીત,
તે તો પીયૂષનો તરુ પરહરી, કરી છાશ પીવા ચાહે ચિત્ત. (નિ.કા. સારસિદ્ધિ - ૪૭)
પ્રગટ ભજી ઋષિપતની, પરોક્ષ ભજ્યા ઋષિરાય;
ઋષિ પત્નિએ હરિ રાજી કર્યા, ઋષિ રહ્યા પરિતાપમાંય.
પ્રભુ પ્રગટના પ્રસંગ વિના, રહી ગઇ એવા મોટાને ખોટ;
આજ કાલના અભાગિયા, દશ વિના દિયે છે દોટ.
પ્રગટ વિના છે પાંપળા, ભક્ત કરે છે ભનમાંય;
ખરાં ખાંડતા કુસકા, કણ નહિ નિસરે તે માંય.
હરિ લાડીલા લાડુ જમી ગયા, કેડે પડ્યાં રહ્યાં પતરાવળાં;
જેથી ભૂખ ન જાય સુખ ન થાય, વણ સમજે ચાટે છે સઘળા. (નિ.કા. સારસિદ્ધિ - ૨૪)

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી કહે છે : પ્રગટ પ્રમાણ હરિબીન પ્રાણી, ક્યુ જહાં તહાં ભટકતાં હૈ;
ઓર ઉપાય કીયે તે કોઈ વિધિ, આત ન ભવકો અંતા હૈ;
પ્રગટ પ્રમાણ પુરાણ બતાવે, ગીતા પ્રગટ કથંતા હૈ;
પ્રગટ પ્રમાણ બિના બ્રહ્માનંદ, સબ હી જગત ભરમંતા હૈ;

## ૨. અક્ષરપુરુષોત્તમ ઉપાસના (૬/૧૧૨)

જ. બ્રહ્મ-પરબ્રહ્મની ઉપાસનાનો સિધ્ધાંત મુમુક્ષુઓને સમજાય તે માટે શ્રીજીમહારાજે જ્યાં જ્યાં પરોક્ષ દેવની મૂર્તિઓ પધરાવી ત્યાં તેમના ભક્તે સહિત જ પધરાવી છે. દા.ત. નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ જેવા સ્વરૂપો પધરાવી ઉપાસનાનો શાસ્ત્ર સંમત સિદ્ધાંત ભક્તે સહિત ભગવાનની ઉપાસના છે જણાવ્યું. શિક્ષાપત્રી શ્લોક ૧૦૯, ૧૧૦માં જેમ અન્ય અવતારોની ભક્તે સહિત ઉપાસના છે તેમ જ પોતાના ઈષ્ટદેવની પણ ભક્તે સહિત જ ઉપાસના કરવી. એમ ગર્ભિત રીતે સમજાવે છે. શિક્ષાપત્રી શ્લોક - ૧૧ના ન્યાયે જ્યાં એકલા હરિકૃષ્ણ મહારાજની સાથે તેમના શ્રેષ્ઠ ભક્ત મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી સાથે જ વિરાજમાન છે એવી ભાવના કરવી. આ શ્લોક પરથી આચાર્ય ભગવત્‌પ્રસાદજી મહારાજની ટીકામાં લખ્યું છે, 'રાધા વગેરે નિત્ય મુક્તો છે. ભગવાન સાથે ભક્તની ઉપાસના કેમ ઘટે ? તેવી શંકાને કોઈ અવકાશ નથી. આ ન્યાયે પરબ્રહ્મ પુરુષોત્તમ સાથે અક્ષરની ઉપાસના માટે શંકાને સ્થાન રહ્યું જ ક્યાં ? આ ન્યાયે શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની વાત નવી નથી કરી પણ શ્રીજીમહારાજના અંતર્ગત સિદ્ધાંતની સમગ્ર સંપ્રદાયને જાણ કરી છે.' અને એ રીતે અનંત જીવોનાં કલ્યાણનું દ્વાર ખોલ્યું છે.શાસ્ત્રીજી મહારાજ હંમેશા કહેતા ભક્તોનો દ્રોહ કરે તો શૂર્પણખાની જેમ નાક-કાન કપાય. ભગવાનનો દ્રોહ કરે તો રાવણની જેમ માથું કપાય. માટે આપણે વિભિષણના જેવી ભક્તિ રાખવી. 'રામ લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાન કી.' કોઈનો દ્રોહ કરવો નહિ.

## ૩. સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક (૪/૨૯)

'જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે. **(વચ.ગ.પ્ર. ૫૬)** જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવને જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે... પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ. **(વચ. ગ.મ.૧૩)** મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ. **(સ્વા.વા. ૩/૧૨)** જ્ઞાનમાર્ગ તો એવો સમજવો. જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ... માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે સર્વોપરી ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે, ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. **(વચ. ગ.મ.૯)**

જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી. અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવતસ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે, પણ તે પુરૂષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. **(વચ. ગ.મ.૯)** તે માટે પોતાને સાક્ષાત મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. **(વચ. ગ.મ.૯)**

**૪. અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના (૬/૯૬)**

શ્રીજીમહારાજે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરવાનું કહ્યું છે. એ નિર્વિકલ્પ નિશ્ચયથી જ પુરુષોત્તમ નારાયણના સર્વોત્કૃષ્ટ સ્વરૂપની પ્રતીતિ થાય છે. આપણા સંપ્રદાયના આશ્રિત સત્સંગી નિત્ય સાયં પ્રાર્થનામાં તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની યાચના કરે છે. 'निर्विकल्प उज़म अति निश्चय तव घनश्याम'... - **સદ્ પ્રેમાંનાદ સ્વામી.** તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વાત વચનામૃતમાં મહારાજે આ પ્રમાણે સમજાવી છે. 'અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.' **(વચ.લો. ૧૨)** અક્ષરરૂપ થઇ પુરુષોત્તમની ઉપાસના કરવી તે જ શ્રીજીમહારાજના વચન અનુસાર ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય ! ઉપરાંત 'એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવક ભાવે ઉપાસના કરવી.' **(વચ. ગ.મ. ૩)** 'શિક્ષાપત્રી'માં પણ શ્રીજીમહારાજે આ પ્રમાણે આજ્ઞા કરી છે.

निजात्मानं ब्रह्मरूपं देहत्रय विलक्षण । विभाव्य तेन कर्तव्या भक्ति: कृष्णस्य सर्वदा॥

'સત્સંગિજીવન'માં પણ કહ્યું છે ''સાંખ્યજ્ઞાન તેણે કરીને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ થકી પોતાનો આત્મા પૃથક જાણવો અને વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ દેહ થકી ઈશ્વરને પૃથક્ જાણવા. ત્યારબાદ અક્ષરબ્રહ્મ(મૂર્તિમાન)ની સાથે પોતાના આત્માની તાદાત્મ્ય સબંધે કરીને એકપણાની ભાવના કરવી. પછી બ્રહ્મભૂત કહેતાં બ્રહ્મરૂપ થયો એવો જે મુમુક્ષુ ભક્તજન તે વાસુદેવ કહેતાં શ્રીજીમહારાજને ભજે.'' શ્રીજીમહારાજ 'વેદરસ' માં કહે છે. 'પોતાના જીવને ને અક્ષરબ્રહ્મને એક માનીને જે પુરુષોત્તમની ઉપાસના કરે છે તે પુરુષ ધન્ય છે અને અક્ષરને ને પોતાના જીવને ભેદપણે કરીને જાણે છે ને પોતાના જીવને વિષે અક્ષરને એકપણે કરીને નથી વિચારતા ને સ્વામી-સેવકપણે કરીને વિચારે છે તેને ધિક્કાર છે.' **(વેદરસ.પૃ. ૨૨૦)** ''અક્ષરને પોતાના આત્માને વિષે એકપણે કરીને જે પુરુષોત્તમ પરમાત્મા છે, તેની ઉપાસના કરે છે તે પુરુષને ધન્ય છે અને જે પુરુષોત્તમને વિષે સ્વામી-સેવકપણે નથી વર્તતા ને એકત્વપણે વર્તે છે તેને પણ ધિક્કાર છે.'' **(વેદરસઃ પૃ. ૨૨૦)** આ પરથી સમજાય છે કે અક્ષરને અને પોતાના જીવને એક માનીને પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. શ્રીજીમહારાજના આ હૃદગત અભિપ્રાયને યથાર્થપણે સમજનારા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ એક વખત પ્ર.૨૩, ગ.મ. ૩૦, ૪૫, અમ. ૨,૩. - આ પાંચ વચનામૃતો બે ત્રણ વાર વંચાવીને કહ્યું. ''આ વચનામૃત સાંભળતા એમ જણાણું જે, કોટિ કલ્પ સુધી એમ (અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ) કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વગર છૂટકો નથી, કેમ જે એ પણ મહારાજનો મત છે. **(સ્વા.વા. ૩/૧૩)** આ પ્રમાણે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી એ શ્રીજી મહારાજ દ્વારા પ્રતિપાદન કરેલ સનાતન સિધ્ધાંત છે. તે માટે તેમના આશ્રિત તરીકે પણ આપણે પણ બ્રહ્મરૂપ થવું આવશ્યક છે.

**પ્રશ્ન.૬ નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં ) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

**૧. શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પણ પધરાવી છે. (૪/૬૨)**

શ્રીજીમહારાજે સર્વ દેવો આચાર્યો અને અવતારો પ્રત્યે આદરભાવ રાખ્યો છે. શ્રીજીમહારાજે સર્વ દેવ મંદિરોમાં તે તે દેવના સ્વરૂપો પધરાવી તેમનો આદર કર્યો છે પણ પોતાના ઈષ્ટદેવ વિષે અનન્ય નિષ્ઠા અને પતિવ્રતાની ટેક એ સાચા ઉપાસકનું લક્ષણ છે. શ્રીજીમહારાજ કહે છે, 'જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે અને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દૃઢ ટેક છે તેમજ ભગવાનના ભક્તને પણ તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પ્રીતિ પણ થાય નહિ. **(વચ. અં. ૧૬)** શિક્ષાપત્રી ૧૧૩માં શ્રીજીમહારાજે ભગવાનની ભક્તિ આ પૃથ્વીને વિષે સર્વે મનુષ્યોએ કરવી એમ કહ્યું છે. તેમાં સાચા મુમુક્ષુઓએ સર્વોપરી પ્રાપ્તિનું બળ જરૂર રાખવાનું છે, પરંતુ માહાત્મ્યના કેફથી છકી જઈ કોઈ દેવ દેવી કે અવતારોની નિંદા કરવાની સ્પષ્ટ ના કહી છે, એટલું જ નહિ પણ એવો ભાવ બતાવનાર પ્રત્યે અણગમો પણ બતાવ્યો છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પધરાવી છે તેમજ ધ્રુવ, પ્રહલાદ, ગોપીઓ, શુક સનકાદિક નારદ જેવા ભક્તોનાં જીવનમાંથી પ્રેરણા મળે અને ભક્તિ દૃઢ થાય તેથી શ્રીમદ્‌ભાગવત્‌ની કથા પણ કરતા ને કરાવતાં. અનેક જીવો મહારાજનાં સ્વરૂપને ઓળખે તેમાં જોડાય તેમની ભક્તિ કરે એવી પરમ કલ્યાણકારી દૃષ્ટિ રાખતા મહારાજ સંતો પરમહંસો અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ

સ્વામી બ્ર.સ્વ. પ્રાગજી ભક્ત, બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ, બ્ર.સ્વ. યોગીજી મહારાજે અવિરત પરિશ્રમ કર્યો છે. તેમાં કોઈ અહંવૃત્તિ ધારતા નથી કે મારું જ શ્રેષ્ઠ છે, પરંતુ જે સારું છે તે મારું છે એમ સમજી ગુણગ્રાહક દૃષ્ટિ રાખી કાર્ય કરે છે.

**૨. શાસ્ત્રોમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે છતાં નિરાકારની સમજણ ઉદ્‌ભવી** (૩/૧૨)

ભગવાન સાકાર છે અને નિરાકાર સમજવાથી પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ થાય છે. ભગવાનનો દ્રોહ થાય છે અને ગુણમાત્ર દોષરૂપ થઈ જાય છે. તો પછી પ્રશ્ન ઉદ્‌ભવે છે કે ભગવાન સાકાર છે છતાં નિરાકારની સમજણ કેમ પ્રવર્તે છે ? ભગવાન નિરાકાર છે તે પ્રતિપાદન પણ શાસ્ત્રમાંથી જ થાય છે. તેના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે શ્રીમદ્‌ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે, પણ જે વાંચનારા હોય તેને જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્‌ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે. (વચ. ગ. મ. ૧૦) નિરંતર ભગવાનના ગુણ ગાતા શુકજી તો ભગવાનને નિરાકાર ન નિરૂપે પણ જ્યારે ભગવાનના મનુષ્યચરિત્રોનું વર્ણન કરે ત્યારે તે દિવ્ય છે માયિક નથી. તેમ દર્શાવવા, ભગવાનના સ્વરૂપમાં માયિક રૂપગુણનો નિષેધ કરે છે. અજ્ઞાનીઓ અને ભક્તિરહિત મનુષ્યો આ પ્રકારના નિરૂપણથી ભગવાનને નિરાકાર સમજી બેસે છે. પછી તંત કે મમત્ત્વથી પકડી રાખે છે અને શાસ્ત્રમાંથી પણ એવા જ કાલ્પનિક મતની પુષ્ટિના શબ્દો શોધીને પોતાના મમત્ત્વને દૃઢ કરીને મુમુક્ષુઓને ગેરમાર્ગે દોરે છે. જેને ભગવાનના સ્વરૂપને વિષે સાકારપણાની પ્રતીતિ નથી એવા લોકોએ શાસ્ત્રના રહસ્યને યથાર્થપણે નહિ સમજીને કે શાસ્ત્રના અવળા અર્થ કરીને નિરાકારની સમજણ પ્રવર્તાવી છે. કારણ શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી. તે કયા શબ્દ, તો જે ભગવાન અરૂપ છે, જ્યોતિઃસ્વરૂપ છે, નિર્ગુણ છે ને સર્વત્ર વ્યાપક છે એવા વચન સાંભળીને મૂર્ખ હોય તે એમ જાણે જે શાસ્ત્રમાં તો ભગવાનને અરૂપ કહ્યા છે. (વચ.ગ. પ્ર.૬૬) આમ જ્યારે નિર્ગુણપણે કહ્યા હોય ત્યારે સાંભળનારાની મતિ ભ્રમી જાય છે અને જાણે છે જે ભગવાનને તો આકાર નથી તેમ સમજનારાની અવળી સમજણ છે. (વચ. ગ. પ્ર. ૬૬) આમ ભગવાન સાકાર છે છતાં શાસ્ત્રના અર્થઘટન યથાર્થ રીતે ન કરનારાની સમજણને કારણે નિરાકારની સમજણ પ્રવર્તે છે.

**૩. BAPS સંસ્થા મૂળ સંપ્રદાયની બે ગાદી થકી અલગ છે છતાં વિમુખ નથી. (પરિશિષ્ટ-૧૪૭)**

ગમે તેવો આપત્કાળ પડે અથવા અમે આજ્ઞા કરીએ તો પણ તમારે પોતાના ધર્મમાંથી ચળવું નહીં. (વચ. સા. ૯) તથા શિક્ષાપત્રીમાં કહ્યું છે કે 'આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે અમારા સંપ્રદાય થકી બાહેર છે. (શિક્ષા. ૨૦૭) મુમુક્ષુઓએ વિચારવું ઘટે કે પંચવર્તમાનમાં અને અષ્ટ પ્રકારે ધન-સ્ત્રીના ત્યાગમાં સંપૂર્ણ રહેતા સંતો સ્થાનમાં કહેતાં 'સંપ્રદાયમાં' છે ? કે સંપ્રદાયની સ્થૂળ બાંધણીને વળગી રહેતા અને યથેચ્છ વર્તન કરતા ભગવાંધારીઓ ? શુદ્ધ મુમુક્ષુઓને શ્રીજીમહારાજે આદેશ આપ્યો છે કે 'સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું અને ત્યાં અતિદૃઢ મન કરીને રહેવું. (વચ. સા. ૭) આ શબ્દોમાં કોઈ સ્થાન, મંદિર કે વ્યક્તિનો નિર્દેશ નથી. કેવળ ભગવાનના એકાંતિક સાધુનો જ નિર્દેશ છે. શુદ્ધ મુમુક્ષુએ અહીં પણ સંપ્રદાયની માન્ય દેશરેખાઓ ઓળંગી શુદ્ધ બુદ્ધિથી એકાંતિક સંતને ઓળખી પોતાનું કલ્યાણ કરવું એવો શ્રીજીમહારાજનો આદેશ છે. છતાં સત્સંગથી બાહેર નીકળી જવાનું હોય તો પણ જેને સ્વરૂપનિષ્ઠા દૃઢ છે તેને માટે શ્રીજીમહારાજની હૈયાધારણા છે.

**૪. ભગવાનને સર્વ કર્તાહર્તા સમજવા જોઈએ.** (૨/૭)

જીવના કલ્યાણનું પરમ સાધન ભગવાને સર્વકર્તા સમજવા એ જ છે. તેથી શ્રીજીમહારાજ કહે છે કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વે કર્તાહર્તા જાણવા એ જ છે **(વચ. ગ. મ. ૨૧)** અને પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ જ થતું નથી. એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે. વળી જે જીવ ભગવાનને સર્વ કર્તાહર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજાં જે કાળ-કર્માદિક તેને એ કર્તા જાણે છે. માટે એવો નાસ્તિક ચંડાળ હોય તેની છાયામાં પણ ઊભું રહેવું નહિ. **(વચ. કારિ. ૧૦)** વળી ભગવાન સર્વના કર્તાહર્તા છે તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયા તેને જગતનાં કર્તાહર્તા કહે છે, માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે. **(વચ. વર. ૨)** માટે સાચો ઉપાસક તો ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા તથા પુરૂષ જેવા ન જાણે અને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે અને સર્વના કર્તા જાણે અને એ સર્વેના કર્તા થકા પણ નિર્લેપ છે એમ ભગવાનને જાણે. **(વચ. ગ. પ્ર. ૬૨)** આ જગતમાં જે કાંઈ થાય છે તેના કર્તા ભગવાન જ છે એવી દૃઢ સમજણ હોય તો કાળ કર્મ ને માયા કે બીજા કોઈ દેવ દેવી કે મંત્ર, તંત્ર, જંત્ર વગેરેનો ભય રહે નહી.એવી નિભર્ય સ્થિતિ હોય તો જ બ્રહ્મ ને પમાય છે. તેથી ગુણાતીતાનંદ સ્વામી વાતુમાં કહે છે કે ' જો માર માર કરતો કોઈ આવતો હોય તો એમ સમજવું જે, મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે પણ તે વિના કોઈનું હલાવ્યું પાંદડુ પણ હલતું નથી. **(સ્વા.વા. ૧-૮૮)** માટે ભગવાનને સર્વ કર્તાહર્તા સમજીને ઉપાસનાનો સિધ્ધાંત સમજવો.

**પ્રશ્ન.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો. (કુલ ગુણઃ ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?) (૧૪૨-૧૪૩)**

**☞ નોંધ : - વાક્ય પૂર્તિની બાજુમાં કૌંસમાં આપેલા અંક વાક્ય પૂર્તિના નંબર છે.**

૧. આપણી ઉપાસના અક્ષરે(સ્વામીએ) સહિત પુરુષોત્તમની(નારાયણની) કહેતા ભક્તે સહિત ભગવાનની છે. અક્ષરબ્રહ્મ એ પરબ્રહ્મના અનાદિ સેવક અને આદર્શ ભક્ત છે. તે સેવકભાવે પરબ્રહ્મની ભક્તિ કરે છે. તેવી જ રીતે આપણ પણ અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની જ ઉપાસના ભક્તિ કરવાની છે. આમ, આપણી ઉપાસના હંમેશાં બે ચરણની જ છે. (૧૨)

૨. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ તત્ત્વો અનાદિ છે. (૧)

૩. આ લોકમાંથી અંતર્ધાન થયા પછી શ્રીજીમહારાજ હંમેશાં અક્ષરબ્રહ્મ દ્વારા જ પોતાનું સમ્યક પ્રકારે પ્રગટપણું ચાલુ રાખે છે. એ રીતે શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ રહ્યા. તે જ ગુરુપરંપરામાં વર્તમાનકાળે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપશ્રી પ્રમુખસ્વામી મહારાજ શાસ્ત્રી શ્રી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રીજીમહારાજ સમ્યક્ પ્રકારે પ્રગટ છે. (૧૫)

૪. અક્ષરબ્રહ્મ પણ ધામમાં મૂર્તિમાન રૂપે સેવામાં રહ્યા થકા જ પરબ્રહ્મની સાથે સેવક રૂપે અનંત કોટિ બ્રહ્માંડમાં રૂપ ધરી શકે છે. તેઓ પણ જે જે ગ્રહણ કરે છે તેને અમાયિક અને નિર્ગુણ કરી મૂકે છે. (૯)

**(ઉપાસનામાં શું ન સમજવું ?) (૧૪૪)**

૧. શ્રીજીમહારાજની ચાખડી, ડગલી, ગોદડી, ઓરડી વગેરે સંબંધવાળી વસ્તુઓ મૂળ અક્ષરબ્રહ્મ છે, તેમ ન સમજવું. (શ્રીજીમહારાજના સંબંધવાળી વસ્તુઓ દિવ્ય છે પણ તેને અક્ષરબ્રહ્મ ન કહી શકાય.) (૧૧)

૨. પુરુષોત્તમ નારાયણ જે શ્રીજીમહારાજ તે અવતારાદિક, આચાર્ય, ભક્ત જેવા છે, તેમ ન સમજવું. (૧)

૩. ભગવાન પૃથ્વી પર પ્રગટે છે ત્યારે તેઓ ધામમાં હોતા નથી (ધામ ખાલી હોય છે), તેમ ન સમજવું. (૨)

**પ્રશ્ન.૮ ટૂંકનોંધ લખો :**

**શિક્ષાપત્રીમાં બ્રહ્મવેતાનું ધ્યાન કરવાનો નિષેધ છે. તેમ છતાં આપણે સત્પુરુષનું ધ્યાન કરીએ છીએ ? (૧૫૩) (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજ ગ. પ્ર.ના ૫ માં વચનામૃતમાં કહે છે 'રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમનું ધ્યાન કરવું.' આ રીતે ભક્તે સહિત ભગવાનનું ધ્યાન કરવામાં શ્રીજીમહારાજ પોતાની રુચિ જણાવે છે. શ્રીજીમહારાજ કહે છે 'એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે અને તે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ, તેને વિષે મૂર્તિમાન એવા તે પુરુષોત્તમ ભગવાનને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે.' (વચ.ગ.મ.૫૦) જો ભગવાન જ ભક્ત સાથે અખંડ પ્રીતિ જોડે તો આપણને શું વાંધો હોય ? બ્રહ્મસ્વરૂપ થવા માટે શ્રીજીમહારાજ કહે છે, 'એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે. (વચ. ગ.મ.૩૧) તો મનન કરતાં તેમના ગુણો, વિભૂતિ, ઐશ્વર્યનું ધ્યાન ન થાય ? નિર્વિકલ્પ નિશ્ચય પામવા પણ મહારાજ કહે છે 'એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે.' (વચ. લો. ૧૨) ધામરૂપ અક્ષરરૂપે થવા માટે પણ તેમનું કરવું અનિવાર્ય બને છે. શ્રીજીમહારાજ વચ. વર. ૫ માં સ્પષ્ટ આજ્ઞા કરતાં કહે છે, 'જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમ જ જે ઉત્તમ હરિભક્ત હોય તેની ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે ... તો સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવા થનારો હોય તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે.'

ध्यानमूलं गुरोमूर्तिः पूजामूलं गुरोः पदम् । शास्त्रमूलं गुरोर्वाज्यम मोक्षमूलं गुरोः कृपा॥

માટે ध्यानमूलं गुरोमूर्तिः એ મુજબ અજ્ઞાનનો નાશ કરનાર ગુરુ અનાદિ બ્રહ્મ ગુણાતીત સંત તે જ ધ્યાનનું મૂળ છે. તેથી શ્રીજીમહારાજના ધામરૂપ અક્ષરબ્રહ્મ સાકાર મનુષ્ય સ્વરૂપે પૃથ્વી પર બિરાજમાન હોય ત્યારે તે સ્વરૂપ પણ શ્રીજી મહારાજ તથા તેમના અર્ચા સ્વરૂપની માફક સદા ધ્યાન કરવા યોગ્ય છે. શિક્ષાપત્રીના ૧૧૫મા શ્લોકમાં બ્રહ્મવેત્તાનું ધ્યાન કરવાની ના પાડી છે. કારણ જીવદશામાંથી જે જ્ઞાન પ્રાપ્ત થવાથી મુક્તદશા પામ્યા હોય તેનું ધ્યાન કરવામાં લાભ નથી. શિક્ષાપત્રી ભાષ્યમાં શતાનંદ મુનિ ખાસ જણાવે છે કે શૌનક મુનિના કથન અનુસાર 'નૈસર્ગિક' અર્થાત્ 'અમલબ્રહ્મ' શબ્દોથી અનાદિ શુદ્ધ ચૈતન્ય બ્રહ્મનું ભગવાન સાથે ધ્યાન કરવામાં કોઈ બાધ નથી. પ્રકૃતિપુરુષ, પ્રધાનપુરુષ વગેરે ઉત્પત્તિ ક્રમમાં ઉત્પન્ન થયેલા દરેકમાં શ્રીજીમહારાજનો અંતર્યામીપણે કરીને પ્રવેશ છે. તે સ્વરૂપોનું ધ્યાન કરવાનો નિષેધ છે. પરંતુ કોઈ કાર્ય નિમિત્તે ભગવાનનો જેમાં અનુપ્રવેશ થાય ત્યારે તે ભગવાનનું સ્વરૂપ કહેવાય છે અને ધ્યાન કરવા યોગ્ય બને છે. તે સિવાય બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે અન્ય દેવો પણ ધ્યાન કરવા યોગ્ય નથી. તેમ શ્રીજીમહારાજ 'વેદરસ' માં કહે છે. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા છે. (૧) સાંગ ધ્યાન (૨) ઉપાંગ ધ્યાન (૩) સપાર્ષદ ધ્યાન (૪) સલીલ ધ્યાન. તેમાં સપાર્ષદ એટલેકે ભક્તમંડળ સહિત ભગવાનનું ધ્યાન કરવું તે. આ રીતે ભગવાન સાથે ભક્તનું પણ ધ્યાન કરવાનું ગોપાળાનંદ સ્વામી પણ સમજાવે છે.

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, છઠ્ઠી આવૃતિ માર્ચ - ૨૦૦૬,**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ ચતુર્થ આવૃતિ જુલાઈ - ૨૦૦૬)**

**પ્રશ્ન.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધઃ- કોણ કહે છે, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

**૧. હું પણ મારું ધાર્યું આ બ્રહ્માંડમાં કરી દેખાડું. (૧/૧) (સ.વા. ૩)**

જ. ગોપાળાનંદ સ્વામી - શ્રીજીમહારાજને

શ્રીજીમહારાજે જ્યારે મોટેરા સંતોને વારાફરતી તેમની વિશિષ્ટતા વિષે પૂછયું ત્યારે.

**૨. આ તમારો છોકરો સ્વામીપંથી થઈ ગયો છે. (૭/૬૫) (સ.વા. ૩) અથવા**

જ. મહેતાજી - શેઠાણીને

કાઠી દરબારોના સોબતી ભગાદોશીને નાનપણમાં પૂર્વ સંસ્કારના બળે સ્વામીના સ્વરૂપની અંતરમાં સૂઝ પડી ગઈ હતી અને સ્વામી સ્વામી કર્યા કરતા હતા ત્યારે.

**૩. મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ (૩/૩૪) (સ.વા. ૩) અથવા**

જ. નિષ્કુળાનંદ સ્વામી - કુટુંબીઓને

ત્યાગાશ્રમમાંથી નિષ્કુળાનંદ સ્વામીને પરત ગૃહસ્થાશ્રમમાં પાછા આવવા સમજાવવા કુટુંબીજનો આવ્યા હતા. તેમને

પોતાના પૂર્વજન્મોની વાત કરી સ્વામી કહે છે.

**૪. રાજા આગળ નોકરને પગે લાગીએ તો કેવું લાગે ? (૨૧) (યુગવિભૂતિ)**

જ. સ્વામીશ્રી (પ્રમુખસ્વામી) - ભગવદ્ચરણ સ્વામીને

ઠાકોરજીના દર્શનમાં લીન સ્વામીશ્રીને ચરણસ્પર્શ કરવા ભગવદ્ચરણ સ્વામી ઝૂક્યા ત્યારે સ્વામીશ્રી કહે છે.

**૫. સ્વામીશ્રીના જીવનને જોખમમાં મૂકી રહ્યા છે. (૨૯) (યુગવિભૂતિ) અથવા**

જ. વિલ્કિસન - સી.ટી પટેલને

રેસના ઘોડા માટે વિલ્કિસન સી.ટી. પટેલને કહે છે ત્યારે સી.ટી.પટેલે કહ્યું : 'એના નિયંતા સ્વામીશ્રી છે. તેઓ આ બગીમાં બેસશે પછી કાંઈ નહિ થાય. અપેક્ષા બહારનો જવાબ સાંભળી ગુસ્સે થયેલા વિલ્કિસન કહે છે.

**૬. આપે મને સ્વપ્નમાં નિર્વિકલ્પ સમાધિ વિશેની સમજણ આપી હતી. (૨૦) (યુગવિભૂતિ)**

જ. ડેવિડ - સ્વામીશ્રીને

સ્વપ્નના આધારે સ્વામીશ્રીને શોધીને મળવા આવેલા ડેવિડ સ્વામીશ્રીને સ્વપ્નની વાત કરતાં કહે છે.

**પ્રશ્ન.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. ગોપાળાનંદ સ્વામીએ ધામમાં જવાનો સંકલ્પ કર્યો. (૧/૧૦) (સ.વા. ૩) અથવા**

ઉમરેઠમાં ગોપાળાનંદ સ્વામીને સ્વપ્રમાં મહારાજનાં દર્શન - સર્વોપરીપણું પ્રર્વતાવો નહિ તો આ દેહમાં સો વર્ષ, હજાર વર્ષ રાખીશ - સ્વામીને ચોટ - સવારના કથાપ્રસંગમાં રઘુવીરજી મહારાજ, મોટેરા સંતો તથા શિવલાલભાઈ વગેરે હરિભક્તોને સંબોધીને મહારાજના સર્વોપરીપણાની અદ્ભૂત વાતો - અખંડાનંદ બ્રહ્મચારીને આઘાત - આચાર્ય મહારાજની સ્વામીને આવી આકરી વાતો કરવાની ના - તમારા બાપની આજ્ઞા છે - હવે બંધ કરીએ - આ પ્રસંગથી ઉદાસ - ધામમાં જવાનો સંકલ્પ.

**૨. નિષ્કુળાનંદ સ્વામીએ સંતો-હરિભક્તોને પ્રાર્થના કરતા રોક્યા. (૩/૩૭) (સ.વા. ૩)**

પોતાનું પ્રારબ્ધ તો ભોગવવું જ પડે. જો દુઃખ ભોગવીએ નહિ તો પ્રારબ્ધ પૂરું થાય નહિ. તે માટે ફરી જન્મ ધરવો પડે. પોતાનું દુઃખ કોઈ લઈ શકે તેમ ન હતા. વળી, દેહના દુઃખ માટે ક્યારેય પ્રાર્થના થાય નહિ. માટે નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના માટે પ્રાર્થના કરવાની ના પાડી.

**૩. નરેન્દ્રપ્રસાદ સ્વામીનો સંશય ટળી ગયો. (૩૭) (યુગવિભૂતિ) અથવા**

લોસ એન્જલસમાં પાટોત્સવની વૈદિકવિધિ સ્વામીશ્રી કરતાં હતાં ત્યારે નરેન્દ્રપ્રસાદ સ્વામી (આચાર્ય સ્વામી) સ્વામીશ્રી પાસે વિદાય લેવા આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેઓને મૂર્તિ પરથી જળ લૂછવાની સેવા આપી. સેવા કરતાં કરતાં તેમને મૂર્તિના દેવત્વ વિષે સંશય થતાં રૂમાલમાં જ હાથ રાખી ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનો અંગૂઠો જોરથી દબાવ્યો. તરત જ બીજા કાર્યમાં વ્યસ્ત સ્વામીશ્રીએ ચમકીને જાણે પોતાનો અંગૂઠો દબાયો હોય તેમ બોલી ઊઠ્યાં આચાર્ય ! આસ્તે ! ત્યારે આચાર્ય સ્વામીએ કહ્યું તમને કેવી રીતે ખબર પડી ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું ખબર તો પડે જ ને ! આમ, નરેન્દ્રપ્રસાદ સ્વામીનો સંશય ટળી ગયો.

**૪. સ્વામીશ્રી અડધી રાત્રે પથારીમાં બેઠા થઈ ધૂન કરતા હતા. (૫૪) (યુગવિભૂતિ)**

લંડનમાં બિરાજમાન સ્વામીશ્રીની રૂમમાં મોડી રાત્રે સ્વામિનારાયણ ..... મહામંત્રનો અવાજ આવતાં સેવકસંત જાગીને જુવે છે તો સ્વામીશ્રી પથારીમાં પ્રાર્થનામુદ્રામાં બેઠા બેઠા મહામંત્ર રટતા હતા. સેવકે સ્વામીશ્રીને પૂછયું બાપા ! પોઢવું નથી ? શાની પ્રાર્થના ધૂન કરો છો ? ત્યારે સ્વામીશ્રી કહે છે : ભારતમાં દુષ્કાળ છે, તેથી વરસાદ વરસે તે માટે પ્રાર્થના કરું છું. જેથી સુકાળ થાય ને મનુષ્ય- પશુ સર્વે સુખી થાય. સેવકે પૂછયું 'આવી પ્રાર્થના ક્યારે કરો છો ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું ઘણીવાર રાત્રે પ્રાર્થના કરું છું, જે લોકો દિવસ દરમ્યાન મારી પાસે એમના પ્રશ્નો લઈને આવે છે. તેમના માટે કરું છું.

**પ્રશ્ન.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. ભક્તના ભક્ત - પર્વતભાઈ (૬/૬૨) (સ.વા. ૩) અથવા**

એક વખત શ્રીજીમહારાજે સૌની પરીક્ષા કરવાનું વિચાર્યું. મહારાજે સભામાં પૂછયું, 'ઢોલિયાના સત્સંગી હોય એ અમારી પાસે બેસો અને સત્સંગીના સત્સંગી હો તે પાછળ બેસો. ત્યારે ફક્ત પર્વતભાઈ જ દૂર જઈને બેઠા. સૌને પર્વતભાઈની સમજણ માટે શંકા થઈ. ત્યાં તો મહારાજ ઢોલિયા પરથી ઊતરીને દૂર જ્યાં પર્વતભાઈ બેઠા હતાં ત્યાં જઈને બેઠા. ત્યારે સૌને મહારાજનો રાજીપો શામાં છે તે સમજાયું. ભગવાનના ભક્ત થવું તો સૌને ગમે પણ ભક્તના ભક્ત થવું તે જ દાસત્વભક્તિનું લક્ષણ છે. એક વખતે દુષ્કાળ પ્રસંગે મહારાજે સંતોને ગામડે જવાની ના પાડી કારણ હરિભક્તોને દુષ્કાળના સમયમાં તકલીફ ન પડે. ત્યારે પર્વતભાઈએ મહારાજ પાસે આવીને કહ્યું મહારાજ અમારે તો બે દુકાળ. એક વરસ મોળું તે દુકાળ અને બીજો આપે સંતોને ગામડે જવાની બંધી કરી. તેથી સંતોની સેવા તથા સમાગમનો દુકાળ પડ્યો. પર્વતભાઈની આવી સમજણ અને દાસત્વભક્તિથી મહારાજે રાજી થઈને સંતોને એમના ગામ મોકલ્યા.

**૨. મુક્તાનંદ સ્વામીની તિતિક્ષા (સહનશીલતા) (સ.વા. ૩) (૨/૨૩)**

મુક્તાનંદ સ્વામીને મહારાજની આજ્ઞા - અખંડ સાંપ્રદાયિક સાહિત્યની રચના કરવી - પોતાની પ્રકૃતિ સારી ન હતી છતાં તેઓ આ

કાર્યમાં રત - દેહની જરા પણ સાર સંભાર નહિ - એક વખત ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તેમના આસને ખબર પૂછવા - સ્વામી જમતા હતા - જમી રહ્યા એટલે પાત્રમાં રહેલી ખીચડી નિત્યાનંદ સ્વામીએ પ્રસાદ રૂપે મોઢામાં મૂક્તાં જ કાંકરાની કડકડાટી - નિત્યાનંદ સ્વામીની અકળામણ - આવું કોણ જમાડે છે ? મુક્તાનંદ સ્વામીના સેવકને બોલાવી ઠપકો - 'માંદા સંતને આવું જમાડો છો. અનાજ સાફ કરીને તો રાંધો.' લહિયા સેવકનો જવાબ - સાફસૂફ કરું તો લખું ક્યારે! કોઠારમાંથી જેવું મળે એવું રાંધી દઉં છું. મારાથી વિશેષ નહિ બને. સેવકની ઉદ્ધતાઈ જોઈ ગોપાળાનંદ સ્વામીએ અનોપમાનંદ સ્વામીને બોલાવી મુક્તાનંદ સ્વામીને અનુકૂળ રસોઈ બનાવી જમાડવાની આજ્ઞા - જ્યારે તેમણે જાણ્યું કે મુક્તાનંદ સ્વામી તો આવું જ જમે છે ત્યારે ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને થયું કે આવું તો મુક્તાનંદ સ્વામી જ સહન કરે. આ પ્રસંગ મુક્તાનંદ સ્વામીની તિતિક્ષાની સીમારૂપ છે એટલે કે અપાર સહનશક્તિનું દર્શન કરાવી જાય છે.

૩. **માન-અપમાનમાં સ્થિરતા (યુગવિભૂતિ) (૨૭) અથવા**

લંડનમાં સુવર્ણતુલા થયા પછી મંદિરે એક મુરબ્બી સ્વામીશ્રીને મળવા આવ્યા, કંઈક ગેરસમજે તેમને વિકૃત અને ઉગ્ર બનાવ્યા હતા. ન શોભે તેવા વાણીપ્રહારોથી એમણે સ્વામીશ્રી સાથે વાર્તાલાપ શરૂ કર્યો. વર્તન અસભ્ય ને તોછડું હતું. સામે બેઠેલા એક બે સંતો અને યુવકો માટે તે અસહ્ય હતું. પણ સ્વામીશ્રી બિલકુલ સ્વસ્થ હતા. તેમના ચહેરા પર ન તો અકળામણ હતી, ન હતો આક્રોશ કે ન હતો પ્રતિકાર કરવાનો ઉકળાટ. ક્ષમાની મૂર્તિ બનીને શાંતિથી બેસી જ રહ્યા ને બીજાને ય વાર્યા. એટલું જ નહિ, સેવકોને સૂચના આપી, ''એમને જમાડીને મોકલજો.'' અપમાનને તે પલભરમાં ભૂલી શકે છે, કારણ કે તે ક્ષમાના સાગર છે.

૪. **સેવા એ જ ઉત્સવ (યુગવિભૂતિ) (૩૬)**

૧૯૭૧ ના ડિસેમ્બરમાં પ્રમુખસ્વામી મહારાજનો ૫૧મો જન્મોત્સવ ધર્મજ મુકામે ઉજવાયો હતો. ગાદી પર આવ્યા પછીની આ પહેલી જન્મજયંતી હતી. જે દિવસે જન્મોત્સવ હતો. તે દિવસે સૌ સભામાં સ્વામીશ્રીની રાહ જોતાં બેઠા હતા. બીજી તરફ સ્વામીશ્રી જ્યારે દાતણ કરવા બેઠા ત્યારે તેમણે જોયું. ચોકમાં લોકોએ દાતણ કરીને ફેંકેલી ચીરીઓ વેરાયેલી પડી હતી. સ્વામીશ્રી કોઈને કશું કહ્યા વગર લોકોએ ફેંકી દીધેલી દાતણની એંઠી ચીરીઓ જાતે ઉપાડીને ટોપલીમાં નાખી દીધી. સ્વામીશ્રીને મન તો સેવા એ જ ઉત્સવ હતો. સેવા સ્વામીશ્રીનો સ્વભાવ છે. સેવા તો તેઓની નસમાં વહેતું લોહી છે. આજ એમની મહાનતા છે.

**પ્રશ્ન.૧૨ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ : અર્ધો ગુણ આપવો નહિ. અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. કુશળકુંવરબાએ આમંત્રણ પત્રની સાથે હાથે ફોલીને તૈયાર કરેલા અખંડ ચોખા મોકલ્યા. **(સ.વા. ૩)** (૫/૫૧)
૨. સારંગપુરના વૃધ્ધ રાઠોડ ધાધલનો વ્યવહાર જીવ્યા ત્યાં સુધી ચલાવ્યો. **(સ.વા. ૩)** (૭/૬૯)
૩. આચાર્ય રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી 'હરિલીલાકલ્પતરું' ગ્રંથ તૈયાર કરાવ્યો. **(સ.વા. ૩)** (૪/૪૪)
૪. શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૫૦માં નારાયણસ્વરૂપદાસને સંસ્થાના પ્રમુખ બનાવ્યા. **(યુગવિભૂતિ)** (૯)
૫. ભગવાન ભજશે અને તેમના નિયમો પાળશે તો ભવિષ્ય સારું જ છે. **(યુગવિભૂતિ)** (૫૬)

**પ્રશ્ન.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. <u>૧</u>, <u>૨</u>, <u>૩</u> <u>૪</u> **(સ.વા. ૩)** (૪/૪૬), ૨. <u>૧</u>, <u>૨</u>, <u>૩</u> **(સ.વા. ૩)** (૫/૫૩) ૩. <u>૨</u>, <u>૩</u> **(યુગવિભૂતિ)** (૪૭, ૫૦)
૪. <u>૧</u>, <u>૩</u> , <u>૪</u> **(યુગવિભૂતિ)** (૧૧, ૧૭)

**વિભાગ : - ૩ સામાન્યજ્ઞાન નિબંધ**

**પ્ર.૧૪ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

> ☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **પ્રમુખસ્વામી મહારાજ - સ્થૂળ અને ચૈતન્ય મંદિરોના ઘડવૈયા :**

**૧.** પ્રમુખસ્વામી મહારાજનો વધુમાં વધુ મંદિર નિર્માણનો વિશ્વવિક્રમ - ગગનચૂંબી સ્થાપત્ય શિલ્પકળાના નમૂનારૂપ અજોડ મંદિરોનું સ્વામીશ્રી દ્વારા નિર્માણ. **૨.** ઈંટ, સિમેન્ટ, રેતીના મંદિરોના સર્જનની સાથે સાથે ચૈતન્ય મંદિરોનું સર્જન - પ્રામાણિકતા - નીતિમાન હરિભક્તો, સંતો એ સ્વામીશ્રીનાં ચૈતન્ય મંદિરો. **૩.** સ્વામીશ્રીએ પહેલાં ચૈતન્ય મંદિરો બાંધ્યા - એટલે કે ભક્તોના હૃદયમાં સેવા, ભક્તિ, સમર્પણ, શ્રદ્ધાનાં, સ્નેહનાં બીજ વાવ્યાં અને તેનાથી જે ઘડતર થયું (ભક્તોનું) તે ભક્તો તે જ ચૈતન્ય મંદિરો - પ્રસંગો અને આવા ચૈતન્ય મંદિરો દ્વારા સ્વામીશ્રીની પ્રેરણાથી ઘડાયાં સ્થૂળ મંદિર પ્રસંગો - **૪.** શ્રીજીમહારાજથી માંડીને સ્વામીશ્રી સુધી ઈષ્ટદેવ અને ગુરુપરંપરાએ ચૈતન્ય મંદિરો અને સ્થૂળ મંદિરોનું નિર્માણ કરીને સમાજને પ્રમાણિકતા, નીતિમત્તા, ભક્તિ સ્નેહ અને સમર્પણનું આગવું પ્રદાન કર્યું છે. -

**૨. B.A.P.S. World Best :**

૧. B.A.P.S. નો અર્થ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા **૨.** World Best નો અર્થ દુનિયામાં સૌથી શ્રેષ્ઠ. તે આપણે સહિયારા પ્રયાસથી કરવાની છે. તેના માટેના વિચારો રજૂઆત, હાલના કાર્યની સમીક્ષા - સેવા, સમર્પણ, વાણી અને વર્તનની એકતા, જીવન સુધારણા - આપણા જીવનની છાપથી સંસ્થાનું નામ ઉજ્જવળ થાય તેવા (પ્રસંગો) પ્રયત્નો **૩.** કોઈપણ સંસ્થાનું અસ્તિત્વ સનાતન રહે તે માટે તેનો સિદ્ધાંત હોવો આવશ્યક - B.A.P.S.નો સિદ્ધાંત 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી' - ગમે તે દેશમાં ગમે તે સમયે પણ આ સિદ્ધાંતનું જ દૃઢતાપૂર્વક પાલન થાય છે. (પ્રસંગો) **૪.** સંસ્થાનો સિદ્ધાંત હોય પરંતુ સાથે સાથે તે સિદ્ધાંતના પ્રવર્તન માટે એવા ગુરુ નેતાનું હોવું આવશ્યક - ગુરુ પોતે સિદ્ધાંતનિષ્ઠ અને શ્રોત્રિય - પોતે વર્તીને બીજાને વર્તાવી શકે - પંચ વર્તમાનમાં દૃઢ, સ્ત્રી-ધનના ત્યાગી - આદર્શ સંતના બધાં લક્ષણોએ યુક્ત એવા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજ - સિદ્ધાંત પ્રમાણે જ વર્તન - લેશમાત્ર પણ બાંધછોડ નહિ - આવા ગુરુ World Best (વિશ્વવંદનીય) તો તેમની સંસ્થા પણ World Best (પ્રસંગો) **૫.** સંસ્થા પાસે આદર્શ સંતો, હરિભક્તો, કાર્યકરો, સંપમાં વર્તન, શિસ્ત, ગુરુ આજ્ઞામાં ટૂક ટૂક સેવામાં તત્પર - સમર્પણવાળા કાર્યકરોની વિશાળ સેના - વિશ્વમાં આવા સમર્પિત કાર્યકરો મળવા દુર્લભ - (પ્રસંગો) **૬.** સંસ્થાના પ્રેસને એવોર્ડ - મંદિરોને એવોર્ડ, શિલ્પકલાનો એવોર્ડ મળે - સંસ્થાના પશુને પણ એવોર્ડ મળે - દિલ્હીનું અક્ષરધામ World Best. **૭.** આમ સંસ્થા દરેક ક્ષેત્રે World Best તેથી જ B.A.P.S. World Best

૩. **વસુધૈવ કુટુંબકમ - હિંદુ ધર્મની વિશાળ ભાવના :-**

૧. વસુધૈવ કુટુંબકમની વ્યાખ્યા - અર્થ - આખી પૃથ્વી એક જ કુટુંબ છે - અને તેમાં વસનારા એકબીજાના સગાં છે તેવી ભાવના હિંદુ ધર્મમાં. **૨.** હિંદુ ધર્મ, સનાતન ધર્મ - તેના કોઈ આદ્ય સ્થાપક નથી. સ્વયં ભગવના દ્વારા સ્થપાયેલ ધર્મ - તેથી તેની ભાવના પણ વિશાળ - પ્રસંગો. **૩.** હિંદુ ધર્મમાં અનેક સંપ્રદાયો, ફિરકાઓ, પંથ - અનેક દેવ-દેવતાઓની પૂજા - ઉપાસના - છતાં પણ હિંદુ ધર્મ એકતાને વરેલો છે - અનેક ધર્મોનાં આક્રમણો થયાં - છતાં પણ હિંદુ ધર્મ અડીખમ - અનેક હિંદુઓની હત્યા થઈ, કતલો થઈ છતાં પણ અહિંસાને વરેલ હિંદુ ધર્મ - તેથી હિંસા પ્રતિ અહિંસા. **૪.** હિંદુ ધર્મમાં અનેક સંપ્રદાયો, મહંતો સંતોની ભાવના પણ વિશાળ - અહિંસા - સત્ય અને પ્રામાણિકતાના સિદ્ધાંતને જ વળગી રહેનાર. **૫.** હિંદુ ધર્મની વિશાળતાને લીધે વિવિધ ધર્મો પળાય છતાં સૌ એક જ છે તેવી ભાવના - સહિષ્ણુતાને વરેલ ધર્મ - બીજા ધર્મો પ્રત્યે આદર - આ બધાના કારણે હિંદુ ધર્મનું દૃષ્ટિબિંદુ વિશાળ - અને તેથી જ તેની ભાવના પણ વિશાળ - પ્રમુખસ્વામી મહારાજ પણ સમગ્ર વિશ્વને એક પરિવાર જ માને છે. - ઉપસંહાર

❑ ❑ ❑